***મે. એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.***

**ફોજદારી ઈન્કવાયરી નં.–૧૦/૨૦૨૬.**

***અરજદાર પરેશભાઈ નાથાભાઈ રાઠોડ, રહે. યાકૂબભાઈની વાડી, તળાજા, જિ.ભાવનગરની બી.એન.એસ.એસ. કલમ–૫૦૩ મુજબની અરજી લગત હુકમ:–***

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ. એ.પી. પી.શ્રી એચ.બી. યોગીને સાંભળ્યા. ત.ક.અ.શ્રીનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે રહે છે તથા તેમની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ, જે બનાવમાં તેમની STATE BANK OF INDIA-TALAJA, IFSC-SBIN0060026, એકાઉન્ટ નં.–(૧) 56026053209માંથી રૂ.32,500/-તથા એકાઉન્ટ નં.–(૨) 41045444586માંથી રૂ.27,304/-મળી, કુલ રૂ.59,804/-ઉપડી ગયેલા, જે અંગે તેમણે ૧૯૩૦/૧૦૦ નંબર ઉપર કોલ કરી, તા.12/10/2025ના રોજ 31110250208076 નંબરથી ફરીયાદ દાખલ કરાવેલ. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સામાવાળાની (૧) KARNATAKA BANK LTD.ના ખાતા નં.–0127252500032001 માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.25,000/-, (૨) DCB BANK LTD. ના ખાતા નં.–4122900001977માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.13,299/-, (૩) STATE BANK OF INDIAના ખાતા નં.–40607429171માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.16,258/-તથા (૪) STATE BANK OF INDIAના ખાતા નં.–44486820738માં તેમના ગયેલ નાણા પૈકી રૂ.942/-મળી, કુલ રૂ.55,499/- બી.એન.એસ. એસ.ની કલમ–૧૦૬ મુજબ ફ્રિઝ કરાવેલા, જે હાલ સુધી સદર

બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. તેઓને ખુબ જ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રકમની જરૂર હોઈ, સદર નાણા તેમના ખાતામાં પરત અપાવવા માટે બી.એન. એસ.એસ. કલમ–૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૩) અરજદારની અરજી સબબ ત.ક.અમલદાર એટલે કે, પી.આઈ. શ્રી, તળાજા પો.સ્ટે.ને સદર ગુના બાબતે તમામ પેપર સહિત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે, તેમણે જા.નં. ૫૪૧/૨૦૨૬, તા.૨૪/૨/૨૦૨૬ના રોજ અભિપ્રાય(આંક–૪) રજુ કરેલ. આમ, ત.ક.અ.નો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા, તે રકમ અરજદાર ને પાછા આપવા તેમનો અભિપ્રાય થાય છે.

(૫) સદર કામે અરજી, બેન્ક પેપર્સની નકલ, ત.ક.અ.નો અભિપ્રાય તથા તેને લગત કાગળો વંચાણે લઈ, અરજદારે જે હકીકત જણાવેલ છે તે હકીકત હાલના તબક્કે સ્પષ્ટ જણાઈ આવે છે. તદ્ઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા, હાલના કામે આજદિન સુધી કોઈ એફ.આઈ.આર. થયેલ હોય કે, હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં, બનાવ બન્યાને આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં, આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાની અત્રેની અદાલત સમક્ષ માગણી કરતી કોઈ અરજી કરેલ નથી. વધુમાં, ત.ક.અ.શ્રીનો અભિપ્રાય ધ્યાને લેતા, તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાની માગણી કરેલ હોય તેમ જણાતુ નથી તેમજ ત.ક.અ.શ્રી દ્વારા સદર બેન્ક ખાતા બનાવટી હોવાનું જણાવેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો,

અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ(પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી, ત.ક.અ.શ્રી દ્વારા સદર નાણા અરજદારને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. આ સંજોગોમાં, અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાનો કબજો મેળવવા હક્કદાર હોવાનું જણાય છે.

(૬) આ તબક્કે સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા/હકુમત જોતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

457. Procedure by police upon seizure of property.

(1) Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code, and such property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property.

(2) If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation.

આમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭(૧)માં જણાવ્યા મુજબ જ્યારે, કોઈપણ પોલીસ અધિકારી દ્વારા મિલ્કતની જપ્તીની જાણ મેજિસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી મિલ્કત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે, મેજિસ્ટ્રેટ ને આવી મિલ્કતના નિકાલ અથવા તો કબજા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવામાં આવેલ છે. મુદ્દામાલ કરન્સી નોટ પરત કરવા અંગે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પે.ક્રિમી.એપ્લીકેશન નં. ૭૧૦૮/૨૦૧૫, તા.૮/૧૨/૨૦૧૫, અભય શ્રેણિકભાઈ ગાંધી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(૭) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ સદર કેસની તમામ હકીકતો, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા, સદર નાણા બેન્કમાં જમા હોય તેથી, સદર રોકડ રકમના દર તેમજ સિરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યમાં પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે, પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૩(૧), જી.એલ.એચ., પાના નં.–૩૦૭ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતા પણ, ઉપરોક્ત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**૧.** અરજદારની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૩ હેઠળ આથી, **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદારને સદર ગુનાના કામે સીઝ કરેલ કુલ રોકડ રકમ રૂ.55,499/-થી દોઢી રકમના જાત જામીન(બોન્ડ) તથા તેટલી

જ રકમના સદ્ધર જામીન પો.સ્ટે. માં આપ્યેથી, આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

3. વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દ્ધારા હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સદ્ધર જામીન પો.સ્ટે.માં આપ્યેથી પોલીસ અધિકારી દ્ધારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેન્કને કરવી તેમજ (૧) KARNATAKA BANK LTD., (૨) DCB BANK LTD., (૩) STATE BANK OF INDIA તથા (૪) STATE BANK OF INDIAને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી દ્ધારા અરજદારે હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સદ્ધર જામીન પો.સ્ટે.માં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦માં તેમની (૧) KARNATAKA BANK LTD.ના ખાતા નં.– 0127252500032001માં અરજદારના ગયેલ નાણા પૈકી રૂ.25,000/-, (૨) DCB BANK LTD. ના ખાતા નં.– 4122900001977માં અરજદારના ગયેલ નાણા પૈકી રૂ.13,299/-, (૩) STATE BANK OF INDIAના ખાતા નં.– 40607429171માં અરજદારના ગયેલ નાણા પૈકી રૂ.16,258/- તથા (૪) STATE BANK OF INDIAના ખાતા નં.– 44486820738માં અરજદારના ગયેલ નાણા પૈકી રૂ.942/- મળી, કુલ રૂ.55,499/-જમા છે, તે રકમ અરજદારની STATE BANK OF INDIA-TALAJA, IFSC-SBIN0060026, એકાઉન્ટ નં.–(૧) 56026053209માં જમા કરાવી, તેની જાણ

અત્રેની અદાલત તથા સંબંધિત પો.સ્ટે. ને કરવી.

## **<u>-: શરતો :-</u>**

(૧) અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે, અરજદારે આ નાણા અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) ઉપરોક્ત ખાતાધારક વ્યક્તિ કે, અન્ય કોઈ વ્યક્તિ સદર નાણા પર ક્લેઈમ કરે અને પોતાનો હક્ક/હિત પુરવાર કરે, તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહિત કામે ઉપયોગ કરવો/ કરાવવો નહીં.

(૪) કોઈ પણ શરતનો ભંગ થયેથી, હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ્દ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજ તારીખ-૧૩, માહે-માર્ચ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
એડિશ્નલ ચીફ જ્યુડિ.મેજિ.-તળાજા.
(કોડ નં.-જી.જે.૦૦૮૮૮).

એચ.બી.જોષી.